૨૮૮૯

ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ

બનાવનાર,

J. G. H.



લૉર્ડ રિપન

મુંબઈ મધ્યે;
વરતમાન છાપાખાનામા છાપ્યા.

૧-૧-૧૮૮૭.

કીમત દોઢ આનો.

बाळबोध मूळाक्षर.

स्वर.

अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ

ए ऐ ओ औ अं अः

व्यंजन.

क ख ग घ ङ च छ ज

झ ञ ट ठ ड ढ ण त

थ द ध न प फ ब

भ म य र ल व

श ष स ह ळ

क्ष ज्ञ.

મૂળાક્ષરો.

સ્વરો.

અ કંઇ નહી	અ		અ એક માત	એ
અ કાનો	આ		અ બે માત્ર	ઐ
રહસ્વઇ	ઇ		અ એક માત્ર કાનો	ઓ
દીરઘઇ	ઈ		અ બે માત કાનો	ઔ
રહસ્વઉ	ઉ		અ અનુસ્વંર	અં
દીરઘઉ	ઊ		અ. વિસર્ગ	અઃ

વ્યંજન.

	ક	ઇંઅ	ઞ	દન્તી	ધ	દન્તી	લ
	ખ	મુરધની	ટ	દન્તી	ન		વ
અલ્પપ્રાણ	ગ	મુરધની	ઠ		પ	ટાળું	શ
માહાપ્રાણ	ઘ	મુરધની	ડ		ફ	મુરધની	ષ
અંગ	ઙ	મુરધની	ઢ		બ	દન્તી	સ
	ચ	મુરધની	ણ		ભ		હ
	છ	દન્તી	ત		મ	મુરધની	ળ
અલ્પપ્રાણ	જ	દન્તી	થ	ઇંઅ	ય	કશ	ક્ષ
માહાપ્રાણ	ઝ	દન્તી	દ		ર	ગન	જ્ઞ

ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

મા.—માય, જીજી.

બા.—બેન.

છે.—હૈયાત છે.

પાઠ ૨ જો.

ભૂ.—પાણી, જળ.

પા.—પીવરાવ.

પાઠ ૩ જો.

પી.—ગળામાં ઉતાર.

જા.—જતો રહે, સધાવ.

પાઠ ૪ થો.

ભા.—ભાંઇ.

તું.—જેની સાથે વાત કરીએ તે સામો માણસ.

પાઠ ૫ મો.

આ.—પાસેની ચીજ.

જો.—દેખ.

પાઠ ૬ ઠો.

ઘી.—તાવેલું માખણ.

ખા.—જમ.

પાઠ ૭ મો.

એ.—તે, પેલું.

બી.—બીયું, બીજ.

શું.—કઇ ચીજ, કેમ.

પાઠ ૮ મો.

લે.—પકડ, ધર, લઇ જા.

તે.—પેલું, એ.

પાઠ ૯ મો.

જી.—માય, મા.

ના.—નહિ.

પાઠ ૧૦ મો.

હા.—વારૂં.

રૂ.—કાપુસ.

પાઠ ૧૧ મો.

તાતા.—રોટલો.

છી.—ખરાબ.

પાઠ ૧૨ મો.

કે.—અથવા.
ખાઉ.—મીઠાઇ.
જે.—જેકાંઇ.

પાઠ ૧૩ મો.

હું.—પોતે.
લંઉ.—ઉચકું, લઇ જાઉં.
લેજે.—ઉચકજે, ધરજે.

પાઠ ૧૪ મો.

વાવા.—સારૂં, મજાનું.
મારૂં.—પોતાનું.
તેલ.—તલને ઘાણીમાં પીલીને તેનો કાઢેલો રસ.
આપ.—દે, લાવ.

પાઠ ૧૫ મો.

છું.—છઉં.
મને.—પોતાને.
લાવ.—આપ, દે.
ખાજે.—જમજે.
ખાઉં.—જમું.
પીઉં.—પીજાઉં.
બાપા.—પીતા, બાવા.

પાઠ ૧૬ મો.

જાય.—સધાવે, જતો રહે.
આવું.—સાથે આવું.
આવ—ચાલ, હીંડ.
કેમ.—શામાટે, શીરીતે, શુકરવાં

પાઠ ૧૭ મો.

ત્યાં.—તે ઠેકાંણે.
તલ.—એક જાતનું ખાદ્યું.
મામા.—માનો ભાઈ.
જાઉં.—જતો રહું, સધાવું.
આપજે.—દેજે.

પાઠ ૧૮ મો.

દે.—આપ, લાવ.
આજ.—ચાલુ દીવસ.
ભાત.—રાંધેલા ચોખા.
ખાવા.—જમવા.
જોવા.—તપાસવા.
લેવા.—લઈ જવા.
જોવાદે-દેખાડ.

પાઠ ૧૯ મો.

નહિ.—ના.
દુધ.—ગાયના આંચળમાંથી ખાવાની સફેત પાણી જેવી વસ્તું નીકળેછે તે.
પછી.—પાછળથી, થોડી વાર રહીને.
જોઉં.—દેખું, તપાસું.

પાઠ ૨૦ મો.

મારા.--પોતાના.
હશે.-- હોશે.
જોવું.--દેખવું.
જેમ.--જે પ્રમાણે.
તેમ.--તે પ્રમાણે.

પાઠ ૨૧ મો.

તારે.--તને.
ઘર.--રેહેવાની જગ્યા
તારૂં--જેની સાથે વાત કરીએ તે માણસનું.
પીશે.--પી જશે.
એમાં.--એની અંદર.

પાઠ ૨૨ મો.

ઘેર.--રહેઠાણ.
ગોળ.--શેરડીના રસને ઉકાલી ગરમ કરી જમાવીને તેના બનાવેલા કકડા.
હતું.--હયાત હતું.
મારે.--મને.
ભાવશે.--ગમશે.
માજી.--માપ.
હતાં.--હયાત હતાં.

પાઠ ૨૩ મો.

શાક.--તરકારી, ભાજી.
તારી.--જેની સાથે વાત કરીએ તે માણસની.
દાળ.--કઠોળ.
આવશે.--પધારશે, ચાલશે.
ઊંઘેછે. સુતેલો છે.
વારૂં.--ઠીક, ભલા.
દેશે.--આપશે.

પાઠ ૨૪ મો.

હાથ.--કર, હસ્ત.
તારા.--જેની સાથે વાત કરીએ તે માણસના.
પગ.--ટાંઠીઆ.
તેને.--એને.
આવજો.--પધારજો.
લેવુંછે.--જોઇએ છે.

પાઠ ૨૫ મો.

નથી.--છે નહી.
કાકા.--બાપનો ભાઇ.
કયાં.--કઇ જગોએ.
નાક.--સુંઘવાની ઇંદ્રી.
તમારા.--જેઓની શાથે વાત કરીએ તે માણશોનો
કશુંએ.--કાંઇએ.
હા.--ઠીક, વારૂં.
ત્યાં --તે ઠેકાણે.

પાઠ ૨૬ મો.

કાંઇ.—જરા, થોડું.
આપું.—દઊં.
કાંઇએ—કશુંએ.
બેન.—બા, ભગની.
કને.—પાસે.
વાત—વારતા, બીના.
કહું.—બોલું.

પાઠ ૨૭ મો.

કોણ.—કયો માણસ.
થાય—બને, લાગે.
માશી.—માની બેન.
બે.—એકને એક.
કોણ થાય.—શું સગા લાગે.
ભાઇ.—બંધુ.

પાઠ ૨૮ મો.

જાણે.—ખબર પડે.
કોણ જાણે.—શી ખબર.
આપીસ.—દઇશ.
લાવી.—લઇ આવી, આણી.
કરશે—બનાવશે.
ખાશે.—જમશે.
ખરત—ખબર.
બાજરી.—એક જાતનું અનાજ
સેના.—કઇ ચીજના.
ઘઉં—ગોધમ, એક જાતનું અનાજ.
મસ.—વધારે, અધિક.

પાઠ ૨૯ મો.

પુછો—તપાસ કરો, તજવીજ કરો.
હતી—હઇયાત હતી.
કહો.—બોલો, ફરમાવો.
માગે.—પુછે, કહે.
તો.—ત્યારે.
કામ.—ખપ, ગરજ, જરૂર.
પુછું—તપાસ કરૂં.
જોઇશે.—જરૂર પડશે.
પુરી.—ઘઉંના આટાની નાની રોટલી ઘીમાં કે તેલમાં તળી કાઢેલી તે.

પાઠ ૩૦ મો.

જુઓ.—દેખો, તપાશો.
માગી.—પુછી.
કેરી.—આંબો.
આપો.—આલો. દો.
તેણે.—પેલાએ.
એને.—બાએ.
સારૂ.—માટે, વાસ્તે.

પાઠ ૩૧ મો.

તમે.—જેઓની સાથે વાત કરીએ તે માણસો.

ભુખ —ક્ષુધા.
ભુખી.—ખાધા વગરની.
પણ.—બી.
લાગી.—થઈ.
ખાશો.—જમશો.
બહાર.—રસ્તામાં.
જાઓ.—સધાવો.
થઈ.—બની.
આવે છે.—ચાલે છે.
લાવશો.—આણશો.

પાઠ ૩૨ મો.

પાસે.—કને.
ભાભી.—ભાઇની બઈરી, ભોજાઇ.
તેની.—એની.
બીજો.—પરાયો, પારકો, તે શીવાય.
કયારે.—કઇ વખતે.
ત્યારે.—તે વખતે.
ગઇ.—જતી રહી.
ઉભું.—ઉભું રહેલું.
નથી જાણતો.—ખબર નથી.
પાછા—ફરીથી.
કહીસ.—ખબર આપીસ.

પાઠ ૩૩ મો.

ગુંદર.—ઝાડનો ચીક.
આંખો.—જોવાની ઇંદ્રી, ચક્ષુઓ.
શોનું.—ભારે કીંમતની પીલા રંગની ધાતું.
આવે.—પધારે.
બીજું.—જુદું.
લેતી.—ધરતી, પકડતી.
જુની.—પુરાની, અસલની.
કાલે.—આવતો અથવા ગયેલો દીવસ.
તને.—તારે.
કહો.—ફરમાવો, બોલો.
કાન.—સાંભલવાની ઇંદ્રી.

પાઠ ૩૪ મો.

ચાર.—બેને બે.
કેટલાં.—વધારે.
માથું.—શીર, મસ્તક.
છત્રી.—વરસાદ કે તડકામાં ઓઢવા સારૂં ડાંડો સલીઆ કપડા વીગેરેનું બનાવેલું ઘુમટદાર ઢાંકણ.
હોય.—બની શકે.
પશુ.—જનાવર.
મારે.—મને.

કોઇને.--કોઇ માણસને.
જોઇ છે.--દેખી છે.
હાજી.--હા સાહેબ.

પાઠ ૩૫ મો.

પૈસો --ખુરદો, નાણું.
આવો.--પધારો.
જોડે.--સાથે.
તેડી--લઇ, બોલાવી.
આપણા.--હમારા.
નાની.--મોટી નહી.
બીજું--પગથું, પારકું, જુદું.
જઇશ.--બહાર જઇશ.
ખીર.--દુધમાં ભાત નાખીને ઉકાળેલો તે.
ખાવાના.--જમવાના.

પાઠ ૩૬ મો.

જુઓ.--તપાશો.
માટે.--વાસ્તે.
મેળે--પોતે, હાથે.
લીધો.--આણ્યો, ઉચકયો.
કાગલ.--લખવાનો તાવ.
કેવો.--કઇ જાતનો.
લખાવશે.--લખવાને કેહેશે.
આખીશ.--અક્ષર કાઢીશ.
વારે.--વખતે.

આવડે.--શીખી શકે, જાણે, સમજે.
કહીને,--જાણ કરીને.
જોઇતો હતો.--ખપ હતો.
પાસેથી.--સોડેથી.
એક વાર.--એક વખત.
શા માટે.--શાને સારૂં.

પાઠ ૩૭ મો.

બુમો.--ધાંટા, પોકાર.
થયું.--બન્યું.
પાડો.--મારો.
બુમો પાડશો.--ઘોંઘાટ કરશો.
શા સારૂ.--શા માટે.
સારો.--સુખી.
તેડી લાવું.--બોલાવી લાવું.

પાઠ ૩૮ મો.

બેસું.--સ્વાર થાઉં.
ઘોડો.--અશ્વ.
ઘોડે.--ઘોડા ઉપર.
કયે.--કોણ ઉપર.
છોકરા.--બચ્ચાં.
આપણો.--પોતાનો.
જાડો--માતેલો, મજબુત.
ચાકર--નોકર.
ભીમો--માણસનું નામછે.

લીધોછે—ખરીદ કીધોછે.
માટે—વાસ્તે.
બીજો—જુદો.
લાવું—આણું.
લાવતાં—આણતા.

પાઠ ૩૯.

આણું—લાવું.
બહુ—ઘણા.
પાણી—જલ.
ઉભી રહે—સબુરકર, ખોટી થા.
છોડી—છોકરી.
શો—શું.
પીળું—હળદના જેવા રંગનું.
કાચા—રાંધ્યા વગરના.
તરસ—પ્યાસ.
દાણા—અનાજ.
તરસ લાગી—પ્યાસો થયો.
મારે—મને.

પાઠ ૪૦

ભલી—ડાહી.
પેટ—હોજરી, ઉદર.
રાંધે—પકાવે, રસોઇ કરે.
ખાધા—જમ્યા.
ખવાડતા—ખાવા આપતા.
દહાડા—દિવસ.
ખવાય—જમાય.
રાંધેલાં—પકાવેલા.
દુખેછે—ઇજા થાય છે.
રોજ—હમેશા, નીત્ય.
જેવીજ—માફક.
હાજી—હા સાહેબ.

પાઠ ૪૧.

બાપડા—બીચારા.
ધીમે—હલવે.
અમે—પોતે.
ઝટ—જલદી.
દાંત—ચાવવાની હડ્ડી.
મધ—એક જાતની મીઠી વસ્તુ.
આપણી—હમારી.
શેરી—મોહોલ્લો.
વહુ—બઈરી.
એમને—તેમને.
ડોસી—ઘરડી બઈરી.
હીંડાતું—ચલાતું.
ભલાં—સારા સ્વભાવના.
બાપડી—બીચારી.
તેમને—તેઓને.
ચાલે—હીંડે.
ડોસો—બુઢો માણસ.
રહેછે—વસે છે.

જરાય—મુદલ.
લાવે છે—આણે છે.
છોકરો—દીકરો.
પેટ ભરેછે—પોષણ કરે છે.
આપશો—દેશો.

પાઠ ૪૨.

ચોળ—ઘસ, મસળ.
વાળ—બાળ, નીમાળા,
વેળા—વખત.
ગંદી—મેલી.
ગાંડી—ઘેલી, દીવાની.
લુગડા—કપડાં.
અરે—ઓ.
મેલાં—મેલ ભરેલા.
ઉડે—ફરકે, પવનથી હીલે.
જૂઓ—નાના જીવડા.
ચોળતી—મસળતી.
ઓળ—કાસકીથી બાળ બરાબર કર
પહેર—ઓઢ, ધાલ્ય.
મેલ—ધુળ, કચરો.
દિલ—શરીર, અંગે.
ગંદા—મેલાં.
નહા—અંગોળ કર.
રૂએ છે—રડે છે.

પાઠ ૪૩ મો.

ઓળખી.—પીછાની, પારખી.
ખેતર—અનાજ પાકે તે જગા.
સાંભળો.—સુણો, શ્રવણ કરો.
કાચું.—વગર રાંધેલું.
ઘંટી.—દાણા દળવાની પથ્થરની ચક્કી.
મજુરી.—મેહેનત, વધતરૂ.
રાખજે.—યાદ રાખજે.
અનાજ.—દાણા, ધાન્ય.
વાળા.—માલેક, શેઠ.
પૈસા.—નાણું.
વેચવા.—પૈસા લઇને તેને બદલે ક્કાંઇ આપી દેવું તે.
એમ.—એ પ્રમાણે.
જોઇ.—દીઠી, દેખી.
ભૂલતો.—વિસરતો.
લઇ જાય—ઉચકી જાય.
થોડા.—કેટલાંક.

પાઠ ૪૪ મો.

બોલો.—કહો.
પાંચ.—ચારને એક.
શી.—કઇ.
થોડી.—કેટલીક, જરા.
મગ.—એક જાતનું કઠોળ.

અડદ.——એક જાતનું કઠોળ.
વાલ.——એક જાતનું કઠોળ.
જણસ.——વસ્તુ, ચીજ.
સાંભળ.——શ્રવણ કર.
બીજી.——એ શિવાય, જુદી.
સૌ.——સઘળું.
પાકે છે.——નીપજે છે.
જાત.——તરેહે, ભાત.
લાવી છું.——લઇ આવી છુ.

પાઠ ૪૫ મો.

બાકી.——બીજા.
બાફ.——રાંધ.
દળી.——પીસી, લોટ કરી.
બાફી.——રાંધી.
જાર.——એક જાતનું અનાજ.
રોટલી.——પાતળી રોટલી.
રોટલા.——જાડા ભાખરા.
દળે.——પીસે.
લોટ.——આટો.
એમાંના.——તેમાંના.
કેટલાંક.——ઘણાખરાં.
ખવાય છે.——જમાય છે.
દુખશે.——ઇજા થશે.
ખવરાવે છે.——જમાડે છે.
શેણે.——શાથી.

પાઠ ૪૬ મો.

રમું.——ખેલું.
ઉઠે.——જાગે, ઉભી થાય.
પાટું.——લાત.
સૂતી.——ઊંઘીગઇ.
ગાય.——ગઉ.
પેલી.——તે.
ધોળી.——સફેત.
રાતી.——લાલ.
અજાણી.——નહિ ઓળખીતી.
અહીં.——આ ઠેકાણે.
ગમે છે.——પસંદ પડે છે.
વળી.——પણ બી.
જોવા.——દેખવા.
માશી.——માની બેન.
જાશમાં.——જઇશ નહિ.
મારે છે.——લગાવે છે, ફટકાવે છે.
પાસે.——કને.

પાઠ ૪૭ મો.

ચારો.——ઢોરનું ખાવાનું.
ઘાસ.——ચારો.
ગોધો——આખલો, માતેલો બળદ
બધું.——સઘળું.
થોડું.——જરા.
વિના.——વગર, શીવાય.

નાંખ.--આપ, ફેંક.
નાંખીએ.--આપીએ, ફેંકીએ.
ભરાય.--પુરૂં થાય.
ગામ.—જ્યાં થોડાક ઘરની વસ્તી હોય તે.
આપીશું--દઇશું..
કરે.—બનાવે.

પાઠ ૪૮ મો.

જોયો.—દીઠો.
દયા.——માયા.
છાશ.—પાણી નાખીને વલોવેલું દહીં.
ભેંસ.—ઢોચું.
રંગ.—રૂપ, વરણ.
કાળો.—મેશના જેવા રંગનો.
સમજણ.—અક્કલ.
દહીં—કંઇ ખટાશ નાંખીને જમાવેલું દૂધ.
કહે.—બોલે.
દેછે.—આપે છે.
કરીએ.—બનાવીએ.
લાગે છે.—જણાય છે.
થાય છે.—બને છે.
જાણો છો.—ખબર છે.
પાડો.—ભેંસનો નર.
લોક.—માણસ.

પાઠ ૪૯ મો.

મઠ.—એક જાતનું કઠોળ.
મીઠું.—નીમખ.
કઢી.—છાશની અંદર મીઠું મરચું હળદ વીગરે નાંખીને ઉકાળેલું તે.
જોજો.—તપાસજો.
વેરાય—ઢોળાય.
હાથે—હાથથી.
ખીચડી—બે ત્રણ જાતનું સાથે રાંધેલું અનાજ.
પારખી.—ઓળખી.
દેખાડું—બતાવું.

પાઠ ૫૦ મો.

ઝાડ—વરક્ષ.
ખૂણો—ખાંચો.
ઠીક—વારૂં.
ઘેલો—ગાંડો.
ચઢી—ઉપર ચડી.
આંબો—કેરીનું ઝાડ.
આમલી—એક જાતનું ખાટું ઝાડ.
પીપળો—એક જાતનું ઝાડ જેની હિંદુ લોકો પુજા કરેછે તે
લીમડો.—એક જાતનું કડવું ઝાડ

વડ—એક જાતનું ઝાડ.
ચોરી—કોઇ માણસની કઇ પણ ચીજ તેના કહ્યા વગર ગુપ ચુપ ઉચકી લેવી તેનું નામ ચોરી.
કેરીઓ—આંબા.
તોડીશ—તોડી લઇશ.
જુઓ—તપાસો.
શેનું—કઇ ચીજનું.
કેમ—શા માટે.
નથી આવી—નથી થઇ.
દેખાય છે—જણાય છે.
દહાડે—દિવશે.
લોકને—માણસને.
બીજાને—પારકાને.
નઠારૂં—ખરાબ.
એવું—એના જેવું.
કામ—કરમ.
કરે છે—આદરે છે.
બોરડી—બોરનું ઝાડ

પાઠ ૫૧ મો.

ફોઇ—બાપની બેન.
નાઠો—દોડયો, નાસી ગયો.
ફળીઆ—મોહલા, શેરી.
નીકળે—નીસરે.

કીધું—કર્યું.
બેડી—બેડોલી.
અલી—અરે.
ખબર પડી—માલમ થઇ.
લાકડી—સોટી, દંડુકો.
લોહી—રૂધીર.
ઝટ—એકદમ.
મારી—લગાવી
રહું છું—વસું છું.
હીંડ.—ચાલ.
વાર—વખત.
ઝટવારમાં.—જલદીથી.
તેડી.—બોલાવી.
ભણી—તરફ.

પાઠ ૫૨ મો.

સૌને.—સઘલાને.
વાળુમાં—રાતના ખાવાની વખતે.
બચી.—જીવતી રહી.
મોઢે.—મોઢા ઉપર.
ગાળો.—નઠારા શબ્દ.
દીધી—માંડી, આપી.
વાંક.—ગુનો, તકસીર.
માંદી.—આજારી, બીમાર.
કડવાં.—ઝેર જેવા, વીખ જેવા.
વાળુ.—રાતનું જમણ.

ઓસડ.—દવા.
નઠોરી.—ખરાબ.
થયું.—બન્યું.
આગળ.—પાસે.
જૂઠું.—ખોટું.
જૂઠી.—ખોટું બોલનાર.
વળી.—એ ઉપરાંત.
માબાપ.—માવતર.
તણાઇ.—ખેંચાઇ.
પડી.—થઇ.
મરતી મરતી.—મોતમાંથી.
એમ થાય—એવા હાલ થાય,

પાઠ ૫૩ મો.

તોફાન—મસ્તી.
આબો—સબલો.
દોડાદોડ—નાસાનાસ.
ઉભા રહે—આસાએસ લે, સબુર કર.
લૂલો—લંગડો
વાગે—દુઃખ થાય, ઈજા થાય.
રીતે—ચાલથી
ચૂલામાં—સગડીમાં, ભઠીમાં.
મોટા—વડીલ
જીવ—પ્રાણ, જીંદગી.
પોતાની—તેની

મેળે—હાથે
જરા—મુદલ
શાથી—શેણેથી
માને—કબુલ કરે, કહ્યુંકરે
પડે—પછડાય
વેલા—વખત
કને—પાશે
ઉભા ઉભા—ઉભા રહીને
ત્યાંથી—તે જગ્યાએ થી
જેવા—જે વખતે
માટે—વાસ્તે, કાજે
કોઇ વાર—કદાચ, કોઇ વખત
પણ—બી

પાઠ ૫૪ મો.

ઢોલ—નગારૂં
ઢગલા—ટેકરા
ખાંધે—ખાંધ ઉપર, ખભે.
નીશાળ—શાળા, શીખવાની જગ્યા.
જણ—માણસ
વધારે—અધિક
પૂરાં—બરાબર.
વગાડે—બજાવે
પીપી—શરણાઇ

એસ—અંગ વસ્તર
મહેતાજી—શીખવનાર, શીક્ષક
મજા—ગમત, રમુજ.
બેસવા—ભણવાનું શરૂ કરવા.
ગાડી—રથ.
વરસ—બાર મહિના.
મારતા—લગાવતા, પટકાવતા.
શેઠ—માલેક, ધણી.
ઘુંઘું—તતુડું, રણસીંગડું.
વાગે છે—અવાજ થાય છે.
બેસ—જગ્યા લે.
ધીમેધીમે—આસ્તે આસ્તે.
સારે—મજાનો
હવે—હમણાં.
રમવાનું—ખેલવાનું.
મેલી આવ—મુકી આવ

પાઠ ૫૫ મો.

ખેંચે—તાણે.
દીઠાં—જોયાં.
નાગાં—કપડાં વગરનાં.
ધૂળ—માટી.
કાદવ—ચીખલ, કચરો.
કજીઆ—કંકાસ, ટંટો.
ફરે—હીંડે, રખડે.
ભણે—શીખે.
હળ—ખેતર ખેડવાનું લોખંડનું અણીદાર હથીઆર.
બળદ—ગોધા, આખલો.
કહેલું—બોલેલું, બતાવેલું.
ખેડે—જમીન ખોદીને તળે ઉપર કરે.
પોતાની—પારકી નહિ તે.
ઢોર—જનાવર, પશુ.
દીધાં—આપ્યા.
જનાવર—પશુ, ઢોર.
કેવાં—કઇ જાતના.
કેહેવાં—કહી બોલાવયાં.
મેલાં—ગંદા.
નઠારાં—ખરાબ.
કામનાં—ખપના, ઉપયોગી.
કશાએ—જરાએ, મુદલ.
કરે છે—બજાવે છે.

પાઠ ૫૬ મો.

કૂતરો—સ્વાન.
બીલાડી—મની.
કબૂતર—એક જાતનું પક્ષી.
ચકલો—મોટો ચલ્લો.
કાગડો—કાળારંગનું પક્ષી.
પોપટ—લીલા રંગનું પક્ષી.
ઝાડે—ઝાડ ઉપર.
પાંખો—ઉડવાની ઇંદ્રી.

માળા—પક્ષીના ઘર.
ઊંદર—ચુવા, નાનો ઘુસ.
ઘલોઠી—ગરોલી.
ગધેડો—લંબકરણ, ખચ્ચર.
વતી—થી, કરીને
ઉડે છે—હવામાં ઉપર ચડે છે.
શેમાં—શેની અંદર.
રહેતાં—વસતાં.
બાંધીને—બનાવીને.
ઓહો—અરે રે.
ઘણાએ—બહુએ.
બધું—આખું
ખોદી—ખણી.
નાંખે છે—મુકે છે, મેલ છે.

પાઠ ૫૭ મો.

બે—એકને એક.
ત્રણ—બેને એક.
લેખણ—કલમ.
મૂકું—મેલું.
ઉમેરીએ—વધારીએ.
ઉલટા—ઊંધા.
ચોપડીઓ—પુસ્તકો.
ભઇ લઊં—ઉચકી લઊં, કાઢી લઊં.
પાઇ—અડધી.
બોલી—કહી.

પાઠ ૫૮ મો.

ચાર—બેને બે.
પાંચ—ત્રણને બે.
છ—ત્રણને ત્રણ.
આંગળાં—પકડવાની ઇંદ્રી.
મૂકીએ—મેલીએ, ઉમેરીએ.
પડે—જોઇએ.
રહે—બાકી વધે.
બાકી—બાળાસ.

પાઠ ૫૯ મો.

સાત—પાંચને બે.
આઠ—ચારને ચાર.
નવ—છને ત્રણ.
દશ—પાંચને પાંચ.
મીડું—સુન્ય.
નાંખીએ—ઉમેરીએ.
લઊં—કાઢું.
લખાય—મંડાય.
આવું—આના જેવું.
લખીએ—કાઢીએ.
પછી—પછલથી

પરચુટણ શબ્દનાં અર્થ.

બાપ—પીતા.
મા—માય, માતુશ્રી.
બેન—બા, ભગની.
ભાઇ—બંધુ.
કાકો—બાપનો ભાઈ.
મામો—માયનો ભાઇ.
ફોઇ—બાપની બેન.
માશી—માયની બેન.
ભાભી—ભોજાઇ, ભાઇની બઇરી.
કાકી—કાકાની બઇરી.
મામી—મામાની બઇરી.
બનેવી—બેનનો વર.
ફુવો—ફોઇનો વર.
માસો—માશીનો વર.
બપાવો—બાપનો બાપ.
મમાવો—માયનો બાપ.
બપઇ—બાપની માય.
મમઇ—માયની માય.
વહુ—ધણીઆણી, છોકરાની બઇરી.
જમાઇ—છોકરીનો વર.
સાળી—બઇરીની બેન.
સાળો—બઇરીનો ભાઇ.
દેર—વરનો નાનો ભાઇ.
જેઠ—વરનો મોટો ભાઇ.
નણંદ—વરની બેન.
સાઢુ—સાળીનો વર.
સાસુ—વર કે વહુની માય.
દેરાણી—દેરની બઇરી.
જેઠાણી—જેઠની બઇરી.
ભત્રીજો—ભાઇનો છોકરો.
ભાણેજ—બેનનો છોકરો.
ભત્રીજી—ભાઇની છોકરી.
ભાણેજી—બેનની છોકરી.
નણદોઇ—નણંદનો વર.
સસરો—વર કે વહુનો બાપ.
વર—ધણી, માટી.



બારાખડીનો નમુનો.

ક	કંઇ નહી	ક
ક	કાનો	કા
ક	રહસ્વઇ	કિ
ક	દીરઘઇ	કી
ક	રહસ્વઉ	કુ
ક	દીરઘઉ	કૂ
ક	એક માત્ર	કે
ક	બે માત્ર	કૈ
ક	એક માત્ર કાનો	કો
ક	બે માત્ર કાનો	કૌ
ક	અનુસ્વર	કં
ક	વિસર્ગ	કઃ

એ પ્રમાણે દરેક અક્ષરની બારાખડી સમજવી.

સંખ્યા.

(ચડતો.)

એક.
દસ.
સો.
હજાર.
દસ હજાર.
લાખ.
દસ લાખ.
કરોડ.
દસ કરોડ.
અબજ.
ખર્વ.
ની ખર્વ.
મહાપદમ.
શંકુ.
જલધી.
અંતી.
મધી.
પ્રાધ.

(ઊતરતી.)

પ્રાધ.
મધી.
અંતી.
જલધી.
શંકુ.
મહાપદમ.
ની ખર્વ.
ખર્વ.
અબજ.
દસ કરોડ,
કરોડ.
દસ લાખ.
લાખ.
દસ હજાર.
હજાર.
સો.
દસ.
એક.

